Price : ₹ 5/-

# CIMS NEWS
# CARE & CURE

Volume-14 | Issue-154 | May 25, 2023



Marengo CIMS Hospital

www.cims.org

Marengo CIMS Hospital

CIMS NEWS CARE & CURE

Volume-14 | Issue-154 | May 25, 2023

# હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ વિશે માહિતી

તમે કીડની ટ્રાન્સપ્લાન્ટ વિશે તો સાંભળેલ હશે જ પણ હવે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ પણ તેટલું જ સામાન્ય થતું જાય છે. કેટલાક હૃદયના દર્દીનું હૃદય અત્યંત નબળું પડી જાય છે અને રોજીંદી જીંદગી જીવવામાં પણ અત્યંત શ્વાસ અને થાક લાગતો હોય છે. શ્વાસના કારણે વારંવાર હોસ્પિટલમાં દાખલ થવું પડતું હોય છે. આવી પરિસ્થિતિમાં દર વર્ષે ૫૦% દર્દીઓ અને ૫ વર્ષમાં ૮૦% દર્દીઓ મૃત્યુ પામતા હોય છે. જ્યારે આવા દર્દીને નવું હૃદય મળે છે ત્યારે તેને નવું જીવન મળે છે અને તે દર્દી સામાન્ય જિંદગી જીવી શકે છે. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટમાં દર્દીના નબળા હૃદયને કાઢીને તેની જગ્યાએ દાતા (Donor's Heart)ના હૃદયનું પ્રત્યારોપણ કરવામાં આવે છે.



### વિશ્વમાં અને ભારતમાં કેટલા હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે?

વિશ્વમાં દર વર્ષે સરેરાશ ૧૦,૦૦૦ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. તેમાંથી મોટા ભાગના ઉત્તર અમેરિકા અને યુરોપમાં થાય છે. અત્યાર સુધીમાં લગભગ ૧,૨૦,૦૦૦ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.

ભારતમાં અત્યાર સુધીમાં લગભગ ૧૩૨૮ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થયા છે. તાજેતરના વર્ષોમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કાર્યક્રમ વધુ સુયોજિત રીતે થયો છે અને વિશ્વ ધોરણોની સમકક્ષ પરિણામ મળ્યા છે.

### જ્યારે હૃદય આ રીતે નબળું હોય ત્યારે તેની જરૂર પડે છે તેના કારણો આ પ્રમાણે છેઃ

૧. હાર્ટ એટેક પછી હૃદયની કાર્યક્ષમતા અતિ નબળી હોય અને એન્જિયોપ્લાસ્ટી અથવા બાયપાસ સર્જરીથી તે સુધરી શકે તેમ ન હોય.
૨. હૃદય ઉપર વાઇરસના કારણે સોજો આવવાથી હૃદય નબળું પડ્યું હોય (Dilated Cardiomyopathy)
૩. ખુબ જ આગળ વધી ગયેલ હૃદયના વાલ્વની બીમારી
૪. જન્મજાત હૃદયની બિમારી કે જેમાં ઓપરેશનથી પણ હૃદયની સારવાર શક્ય ન હોય.
૫. હૃદયના ધબાકારની કે સ્નાયુની જૈનીક (Genetic) બિમારી કે જેમાં બીજા ઉપાય શક્ય ન હોય.

### ઉમેદવારી માટે મૂલ્યાંકન પ્રક્રિયા શું છે ?

તેના માટે નિષ્ણાંતોની ટીમ દર્દીની તપાસ કરે છે. આ ટીમ સામાન્ય રીતે કાર્ડિયોલોજીસ્ટ, કાર્ડિયોવાસ્ક્યુલર સર્જન, કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ, ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડિનેટર, સોશિયલ વર્કર, ડાયેટિશિયન અને સાયક્રેટીસ્ટની બનેલી હોય છે. દર્દીની તબીબી પરીક્ષામાં એ પરિક્ષણોનો સમાવેશ થાય છે જેના દ્વારા દર્દીની સમગ્ર શારીરિક સ્થિતિ જાણી શકાય છે. આ પરીક્ષણોમાં ઇસીજી, ઇકોકાર્ડિયોગ્રામ, કાર્ડિયાક કેથેટરાઇઝેશન, લીવર ટેસ્ટ, કીડની ટેસ્ટ, બ્લડ ટેસ્ટ, સ્કીન ટેસ્ટ, કેન્સર ટેસ્ટ, એકસરસાઇઝ ટેસ્ટ, ડેન્ટલ તપાસ, પલ્મોનરી ફંકશન ટેસ્ટ, રિજેકશન અટકાવવા માટે ટીસ્યુ અને બ્લડ ટાઇપીંગ વેગેરનો સમાવેશ થાય છે.

### દર્દી હૃદય માટે રાહ જોતો હોય ત્યારે બીમારી કથળે તો શું કરવું ?

ટ્રાન્સપ્લાન્ટ ટીમના સભ્યો નિયમિત રીતે ઉમેદવારોનું મૂલ્યાંકન કરીને હોસ્પિટલાઇઝેશન દ્વારા કે તેના વગર જરૂરિયાત પ્રમાણે તબીબી સારવારમાં ફેરફાર કરતા રહે છે. કેટલીક વખત મિકેનિકલ સર્ક્યુલેટરી સપોર્ટ (કુત્રિમ હૃદય)ના ઉપયોગની જરૂર પડે છે.

### ટ્રાન્સપ્લાન્ટ સર્જરી પછી કેટલો સમય હોસ્પિટલમાં રહેવું પડશે?

કોઇ પણ કાર્ડિયાક સર્જરીની જેમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ બાદ હોસ્પિટલમાં રિકવરીનો સમયગાળો આશરે ૧થી ૨ સપ્તાહનો હોય છે. કોઇ પણ પ્રકારની મુશ્કેલી પેદા થાય તો હોસ્પિટલમાં રોકાણ લંબાઈ શકે છે. આ સમયગાળામાં તમારી સતત દેખરેખ રાખવામાં આવશે જેથી તમારું નવું હૃદય વ્યવસ્થિત કામ કરતું રહે અને સર્જિકલ પ્રક્રિયા પછી કોઇ જટિલતા પેદા ન થાય. દર્દીનું શરીર નવા હૃદયનો અસ્વીકાર ન કરે તે માટે પણ તમને ખાસ દવાઓ આપવામાં આવશે. ડિસ્ચાર્જ કરવામાં આવે તે પહેલા દર્દીએ દવાઓને કઇ રીતે લેવી, કાપાની જગ્યાની કાળજી કઇ રીતે લેવી અને આઉટપેશન્ટ ક્લિનિકની ફોલો-અપ મુલાકાતો વિશે દર્દીને અને તમારા પરિવારને માહિતી અને સૂચના આપવામાં આવશે.

### જુદી જુદી દવાઓ શેના માટે છે?

હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરાવનારે ખાસ પ્રકારની દવાઓ લેવી જરૂરી હોય છે. દરેક દવા ચોક્કસ થેરેપ્યુટીક કારણોસર હશે. તેઓ ચાર મુખ્ય કેટેગરીમાં આવે છે.

- ઇમ્યુનોસપ્રેસન્ટ્સઃ એવી દવાઓ શરીરની કુદરતી પ્રતિકારક શક્તિને ઘટાડી દે જેથી તે ટ્રાન્સપ્લાન્ય (આરોપણ) કરાયેલા અવયવને સ્વીકારે
- એન્ટીબાયોટિકસ, એન્ટીવાઇરલ અને ફંગીસાઇડ્સઃ એવી દવાઓ જે તમારી કુદરતી રોગપ્રતિકારક શક્તિને નિષ્ક્રિય કરવામાં આવી હોય ત્યારે ચેપની શક્યતા ઘટાડે.

- વિટામીન, મિનરલ્સ અને પોષક સપ્લીમેન્ટ્સ: તે તમારા શરીરને ઝડપથી સાજા થવામાં અને યોગ્ય કામગીરી જાળવી રાખવામાંમદદ કરે છે.

**કોરોનરી ધમનીઓની બીમારી અટકાવવા અને લોહીના દબાણનું નિયમન કરવાની દવાઓ.**

મોટા ભાગની દવાઓ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી પછી તાત્કાલિક લેવી પડશે. પ્રથમ વર્ષ દરમિયાન તમારી ટ્રાન્સપ્લાન્ટ ટીમ દવાઓને એડજસ્ટ કરી આપશે. તેમાં કેટલીક દવાઓના ડોઝ ઘટાડવામાં આવી શકે અથવા અમુક દવાઓ સાવ બંધ કરી શકાય.

**ટ્રાન્સપ્લાન્ટ બાદ કઇ મુશ્કેલીઓ માટે ધ્યાન રાખવું જરૂરી છે?**

ટ્રાન્સપ્લાન્ટ પછી બે સૌથી સામાન્ય મુશ્કેલીઓ થઇ શકે છે:

- **ચેપ** - ખાસ કરીને પ્રથમ કેટલાક મહિનામાં. દર્દીને ચેપના કોઇ પણ લક્ષણ હોય તો ટ્રાન્સપ્લાન્ટ કેન્દ્રનો સંપર્ક કરવો જરૂરી છે.
- **રિજેક્શન** - ટ્રાન્સપ્લાન્ટ બાદ તરત શરીર નવા હૃદયનો અસ્વીકાર કરવા તમામ પ્રયાસ કરે છે. રિજેક્શનનો ખતરો ટાળવા માટે દર્દીને ઇમ્યુનોસપ્રેસન્ટ્સનો ઊંચો ડોઝ લેવો જરૂરી થતો હોય છે.

**રિજેક્શનની શી સારવાર છે?**

જ્યારે રિજેક્શનની જાણકારી મળે ત્યારે તરત તેની સારવાર કરવી જોઈએ. મોટા ભાગના લોકોને તેમના પ્રથમ એપિસોડ માટે ત્રણ દિવસ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. તેની સારવારમાં પ્રેડનિસોન (અથવા સ્ટીરોઇડ)નો ઊંચો ડોઝ આપવામાં આવે છે જે ઇન્ટ્રાવેનસલી (નસ દ્વારા) અથવા પ્રેડનિસોન ટેબ્લેટ વધારીને આપવામાં આવે છે. મોટા ભાગના કિસ્સામાં તેનાથી રિજેક્શન પ્રક્રિયા ઉલ્ટાવી શકાશે.

**દર્દી કેટલા સમયમાં કામ પર પરત જઇ શકે ?**

દર્દી કેટલા સમયમાં કામ પર પરત ફરી શકશો તેનો આધાર દર્દીને કેવું લાગે છે અને તે શું કામ કરે છે તેના પર રહેલો છે. સર્જરીના કાપાની જગ્યા મટી જાય અને તમને સારું લાગે પછી તરત દર્દીને કામ પર પરત જવા માટે ટ્રાન્સપ્લાન્ટ ટીમ સાથે વાત કરી દર્દીને તેઓ તૈયાર છે એવું લાગે અને ટ્રાન્સપ્લાન્ટ ટીમ પણ આ નિર્ણય તબીબી રીતે સુરક્ષિત હોવાનું માને પછી અમે દર્દીઓને કામ શરૂ કરવા પ્રોત્સાહિત કરીએ છીએ. સામાન્ય રીતે મોટા ભાગના લોકો સર્જરી પછી છ મહિના બાદ ફરીથી કામ શરૂ કરી શકે છે.




**હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનું પરિણામ કેવું આવે છે?**

હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ બાદ ૯૦ ટકા દર્દીઓ ૧ વર્ષ જીવી શકતા હોય છે અને ૫૦ ટકા દર્દીઓ ૧૦ વર્ષ જીવી શકે છે. આ પરિણામો કિડની ટ્રાન્સપ્લાન્ટના પરિણામ જેવા જ છે. એવા ઘણા દર્દીઓ છે જેઓ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ બાદ ૩૪ વર્ષ સુધી જીવીત રહ્યા હોય. તેનો આધાર દર્દીનું શરીર દાતાના હૃદયને કેટલી સારી રીતે સ્વીકારે છે અને કેટલા ઓછા પ્રમાણમાં ઇમ્યુનોસપ્રેશન દવાઓનો ડોઝ લેવો પડે છે તેના પર રહેલો છે.

**સૌજન્ય**



**ડો. ધીરેન શાહ**

**હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન**
**હૃદયની બાયપાસના નિષ્ણાંત**
**કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન**
MB, MS, MCh (CVTS)
(મો) ×૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩
Email: dhiren.shah@cims.me



**ડો. મિલન ચગ**

**હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કાર્ડિયોલોજીસ્ટ**
**હૃદયરોગના નિષ્ણાંત**
**ઇન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ**
MD, DM (Cardiology)
DNB (Cardiology), FACC
(મો) ×૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
Email: milan.chag@cims.me

# Jaundice: Understanding the Causes and Prevention

## What is jaundice?

Jaundice is a yellowish discolouration of the skin and white part of the eyes and mucous membranes caused by high levels of bilirubin (a yellowish pigment found in the bile, a fluid made by the liver). The level of bilirubin in the blood determines the colour tone. If the bilirubin level is mildly elevated, the skin/whites of the eye are yellowish; if the level is high — they tend to be brownish.Bilirubin value of more than 3mg% causes yellowing of white of eyes.

Jaundice is just a symptom of underlying liver disorder.

## What causes jaundice?

One of the primary functions of the liver is to remove bilirubin, a by-product of the everyday breakdown of red blood cells. Jaundice occurs when the liver fails to remove it from the bloodstream, metabolise and excrete it as bile.

Therefore, jaundice could be an indication of:

1. A malfunction in the liver that incapacitates it from removing bilirubin and eliminating it.
2. Blockage of the bile ducts. (The bile duct can be blocked by cancer, gallstones or inflammation of the bile duct).Too much bilirubin being produced for the liver to remove from the blood (For example, in case of malaria where there is rapid destruction of red blood corpuscles, very high levels of bilirubin are produced)

## What diseases cause jaundice?

Several common conditions could lead to an increase in bilirubin production. Some of the diseases that cause jaundice include Viral Hepatitis-A,E Hepatitis-B,C Alcoholic liver disease,Bile duct stones,Bile duct cancer, and pancreatic cancer. Some drugs could also cause jaundice. This happens as a consequence of the medications that are metabolised by the liver.


## Jaundice symptoms:

4. Yellow staining of the skin, tongue and the whites of the eye
5. Deep yellow-coloured urine
6. Clay-coloured and foul-smelling faeces
7. Dull pain on right upper part of abdomen
8. Loss of appetite Nausea, severe vomitting ,extreme weakness Itching of skin, bitter taste in the mouth
9. Fever
10. Undue fatigue

## Prevention and treatment of jaundice


There are ways to prevent jaundice Eat foods at hygienic place Get vaccinated for Hepatitis A and Hepatitis B Eat in hygienic places, preferably where the food handlers wear gloves

11. Alcohol should be avoided
12. Practice safe sex, as Hepatitis B can get transferred through sex



13. As mentioned earlier, jaundice is more an indication of a disease. So if you suspect jaundice, go see a doctor. The treatment requires the diagnosis of the specific cause for jaundice.

    Typically, a light diet, consisting of fruits and vegetables with lots of fluids such as fruit juices, tender coconut water and buttermilk is advised to take the load off your sluggish liver.



**Dr. Rajeev Kumar Bansal**
MD, DNB (Gastroenterology)
**Consultant Gastroenterologist**
**(M) +91-90999 02925**

# CIMS NEWS CARE & CURE


Volume-14 | Issue-154 | May 25, 2023

Marengo CIMS Hospital

# કીડની - આપણો પ્રખર રસાયણશાસ્ત્રી

કીડની આપણા શરીરનું જીવંત અંગ છે, તેના વગર આપણું અસ્તિત્વ શકય નથી, તેથી જ જયારે કીડની ફેઈલ (નિષ્ક્રિય) થઈ જાય તો દર્દીને ડાયાલીસીસ કે કીડની પ્રત્યારોપણ (Kidney Transplantation) નો સહારો લેવો પડે છે.

સામાન્ય રીતે બે કીડની ઉદરના ઉપરના ભાગમાં પાછળની બાજુએ મણકાની આજુબાજુ ગોઠવાયેલી હોય છે અને પાંસળીઓ વડે સુરક્ષિત રહે છે. ૭૦૦ માંથી એક વ્યકિતને માત્ર એક કિડની હોય છે. જો તેનું બંધારણ સામાન્ય (Normal) હોય તો એક કીડની વડે પણ વ્યકિત સામાન્ય જીવન જીવી શકે છે. તેથી જ તો અમે જયારે કોઈ દર્દીની બંન્ને કીડની ફેઈલ હોય તો તેના સ્વજનને કીડની દાન (Donation) માટે સમજાવીએ છીએ. કીડની દાતા અને કીડની ના દર્દી બંન્ને એક એક કીડની વડે સામાન્ય જીવન જીવી શકે છે.



કીડનીનું મુખ્ય કાર્ય લોહીના શુધ્ધિકરણનું છે. હૃદયના દરેક ધબકારા વખતે હૃદયમાંથી ૨૦% લોહી મુઠ્ઠી જેટલી કીડનીમાં જાય છે અને દરેક કીડનીમાં આવેલા ૧૦ લાખ ઘટકો (નેફ્રોન) વડે તેનું શુધ્ધિકરણ થાય છે, એટલે કે શરીરમાં ચયાપચયની ક્રિયા દરમિયાન ઉત્પન થયેલા વિષદ્રવ્યોનો પેશાબ દ્વારા નિકાલ થાય છે. ૨૪ કલાકમાં લગભગ ૧૭૦ લીટર લોહીનું શુધ્ધિકરણ થાય છે અને તેમાંથી ૧ થી ૨ લીટર પેશાબ બને છે, આ ઉપરાંત કીડની શરીરમાં ક્ષાર-પાણીનું પણ નિયમન કરે છે અને શરીરમાં ઓછાવત્તા પ્રમાણમાં પાણી કે સોડિયમ હોય તો પણ શરીરનું રાસાયણિક બંધારણ જાળવી રાખે છે તેથી જ કીડનીને શરીરનો Master Chemist (પ્રખર રાસાયણ શાસ્ત્રી ) કહેવાય છે તદ્ઉપરાંત કીડની અંતઃસ્ત્રાવી ગ્રંથિ તરીકે પણ કાર્ય કરે છે અને રેનીનએન્જીયોટેન્સીન (Renin-Angiotension) આલ્ડોસ્ટેરોન (Aldosterone system) પ્રોસ્ટાગ્લાડીન, કાઈનીન, એરીથ્રોપોએટીન અને વીટામીન ડી નું પણ નિયમન કરે છે. તેથી જ જયારે કિડની નિષ્ક્રિય થાય ત્યારે એરીથ્રોપોએટીન અને એકટીવ વીટામીન ડી (Active Vitamin D) ને ઔષધરૂપે આપવામાં આવે છે.

તેવું જ બીજું અગત્યનું કામ પેનક્રિયાસ (Pancreas) ને લોહીની શર્કરા (Sugar) ના નિયમનમાં અનેકવિધ રૂપે મદદરૂપ થવાનું છે. આવી આશ્ચર્યજનક (Amazing) કીડનીની સુરક્ષા માટે આપણે નીચેના ૮ નિયમોનું પાલન અવશ્ય કરવું જોઈએ.

**(૧)** શરીરનું સ્વાસ્થ્ય જાળવો અને બેઠાડું જીવન ટાળો.

**(૨)** સંપૂર્ણ આહારનું સેવન કરો, બહારનો ખોરાક (Junk Food) શકય હોય તેટલો ટાળો

**(૩)** ૩૦ વર્ષ પછી પ્રતિવર્ષ Blood Sugar (લોહીની શર્કરા) મપાવો અને જો મધુપ્રમેહ હોય તો તેની ખોરાક, કસરત અને ઔષધો વડે નિયમન કરો.

**(૪)** બ્લડ પ્રેસર (રકત ચાપ), દર ૬ મહિને મપાવો અને તેની મર્યાદા કરતાં વધારે હોય તો નિયમિત કસરત ,ખોરાકમાં મીઠા (નમક) નું નિયમન અને ઔષધો વડે કાબૂમાં રાખવો. મધુપ્રમેહ અને હાઈ બ્લડ પ્રેસર બંન્ને Life Style (જીવન પધ્ધતિ) ના રોગો કહેવાય છે અને Hurries (દોડધામ) Worries (ચિંતાઓ) અને Curries (નમકિન અને મસાલાવાળો ખોરાક ) થી તે રોગ થાય છે માટે તેનાથી છૂટકારો મેળવો.

**(૫)** રોજ પાણી અને અન્ય પ્રવાહીનું યોગ્ય પ્રમાણમાં સેવન કરો. આપણા ગરમ દેશોમાં લગભગ ૩ લીટર પ્રવાહી લેવું જોઈએ.

**(૬)** તમાકુ (કોઈપણ પ્રકારમાં) અને અન્ય વ્યસનોનો ત્યાગ કરો, તેઓ સીધી કે આડકતરી રીતે કીડનીને નુકશાન કરતા હોય છે.

**(૭)** પીડાશામક (Pain Killer) અને અન્ય ઔષધોનો આડેધડ ઉપયોગ ન કરો, ડોકટરની સલાહ પ્રમાણે જ તેનું સેવન કરો.

**(૮)** ૩૦ વર્ષ ની ઉંમર પછી પ્રતિ વર્ષ ( દા.ત જન્મ દિવસે) શારીરીક તપાસ (Body Check Up) કરાવો, તેથી કીડનીના રોગ શરૂઆતમાં જ પકડી શકાય અને તેને આગળ વધતો અટકાવી શકાય.

કીડની અને કીડનીના રોગો વિશે વધુ માહિતી મેળવવા મારો સંપર્ક નીચેના સરનામે કરી શકો છો.

**સૌજન્ય**



**ડો.પંકજ શાહ**
સીનિયર નેફ્રોલોજીસ્ટ
DNB(Nephrology)FISOT(Transplantation), FRCP(London)
(મો) ૯૧-૯૯૯૮૮૧૦૧૪૫

Marengo CIMS Hospital

CIMS NEWS CARE & CURE

Volume-14 | Issue-154 | May 25, 2023

# લીવર ટ્રાન્સપ્લાન્ટ: માન્યતાઓ અને હકીકતો

લિવર ટ્રાન્સપ્લાન્ટ એ જીવન બચાવવાની પ્રક્રિયા છે જેમાં દાતાના સ્વસ્થ યકૃત સાથે રોગગ્રસ્ત યકૃતને બદલવાનો સમાવેશ થાય છે. જ્યારે લીવર લીવર ટ્રાન્સપ્લાન્ટ એક જટિલ અને જોખમી પ્રક્રિયા હોઈ શકે છે, તે ઘણીવાર લીવર ફેલ્યોર, લીવર કેન્સર અને અન્ય ગંભીર લીવર રોગો ધરાવતા લોકો માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. જો કે, લીવર ટ્રાન્સપ્લાન્ટ વિશે ઘણી માન્યતાઓ અને ગેરમાન્યતાઓ છે જે લોકોને આ જીવનરક્ષક સારવાર મેળવવાથી રોકી શકે છે. આ લેખમાં, અમે કેટલીક સામાન્ય માન્યતાઓનું અન્વેષણ કરીશું અને લીવર ટ્રાન્સપ્લાન્ટ વિશેના તથ્યો પ્રદાન કરીશું.

**માન્યતા (૧)** લિવર ટ્રાન્સપ્લાન્ટ માત્ર એવા લોકો માટે છે કે જેમણે આલ્કોહોલ અથવા ડ્રગ્સનો દુરુપયોગ કર્યો છે.

**હકીકત:** જ્યારે આલ્કોહોલનો દુરુપયોગ અને ડ્રગનો ઉપયોગ યકૃત રોગ તરફ દોરી શકે છે, ત્યાં યકૃત રોગના અન્ય ઘણા કારણો છે, જેમાં આનુવંશિક પરિબળો, ચેપ, સ્વયંપ્રતિરક્ષા વિકૃતિઓ અને મેટાબોલિક વિકૃતિઓનો સમાવેશ થાય છે. લિવર ટ્રાન્સપ્લાન્ટ માત્ર એવા લોકો માટે જ નથી કે જેમણે આલ્કોહોલ અથવા ડ્રગ્સનો દુરુપયોગ કર્યો છે. વાસ્તવમાં, લીવર ટ્રાન્સપ્લાન્ટ મેળવનારા ઘણા લોકોને પદાર્થના દુરૂપયોગથી ક્યારેય કોઈ સમસ્યા થઈ નથી.


**માન્યતા (૨)** લીવર ટ્રાન્સપ્લાન્ટ એક ખતરનાક અને જોખમી પ્રક્રિયા છે.

**હકીકત:** લીવર ટ્રાન્સપ્લાન્ટ એ મુખ્ય સર્જિકલ પ્રક્રિયા છે, પરંતુ તે સામાન્ય રીતે સલામત અને અસરકારક છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં લીવર ટ્રાન્સપ્લાન્ટની સફળતાના દરમાં નોંધપાત્ર સુધારો થયો છે, અને જટિલતાઓનું જોખમ પ્રમાણમાં ઓછું છે. જો કે, કોઈપણ સર્જીકલ પ્રક્રિયાની જેમ, ચેપ, રક્તસ્રાવ અને નવા યકૃતને નકારવા સહિતના જોખમો સામેલ છે.

**માન્યતા (3)** જો તમારી ઉંમર મોટી હોય અથવા અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ હોય તો તમે લિવર ટ્રાન્સપ્લાન્ટ કરાવી શકતા નથી.

**હકીકત:** ઉંમર અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ કોઈ વ્યક્તિને લિવર ટ્રાન્સપ્લાન્ટ કરાવતા અટકાવે તે જરૂરી નથી. લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનો નિર્ણય વિવિધ પરિબળો પર આધાર રાખે છે, જેમાં લીવર રોગની ગંભીરતા, દર્દીનું એકંદર આરોગ્ય અને દાતા લીવરની ઉપલબ્ધતાનો સમાવેશ થાય છે. જ્યારે વૃદ્ધ દર્દીઓ અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકોને પ્રક્રિયા દરમિયાન વધુ જોખમોનો સામનો કરવો પડી શકે છે, આ કેટેગરીના ઘણા લોકોએ સફળતાપૂર્વક લિવર ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું છે અને આરોગ્યના સુધારેલા પરિણામોનો અનુભવ કર્યો છે.

**માન્યતા (૪)**તમે લિવર ટ્રાન્સપ્લાન્ટ પ્રાપ્ત કરી શકતા નથી જો તમે તે રાજ્યના નાગરિક નથી જ્યાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી રહ્યું છે.




**હકીકત:** લિવર ટ્રાન્સપ્લાન્ટ કોણ મેળવી શકે તે નક્કી કરવા માટે નાગરિકતા એ પરિબળ નથી. જો કે, લિવર ટ્રાન્સપ્લાન્ટ મેળવવા માટે બીજા દેશમાં મુસાફરી કરતા દર્દીઓ માટે અમુક લોજિસ્ટિકલ અને નાણાકીય વિચારણાઓ હોઈ શકે છે. વધુમાં, કેટલાક દેશોમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ માટે અલગ-અલગ પાત્રતા માપદંડો હોઈ શકે છે.

**માન્યતા (૫)** લીવર ટ્રાન્સપ્લાન્ટ પછી તમે સામાન્ય જીવન જીવી શકતા નથી.

**હકીકત:** જ્યારે લીવર ટ્રાન્સપ્લાન્ટ પછી પુન:પ્રાપ્તિનો સમયગાળો હોય છે, ત્યારે ઘણા લોકો પ્રક્રિયા પછી સામાન્ય, સ્વસ્થ જીવન જીવવામાં સક્ષમ હોય છે. યોગ્ય કાળજી અને દેખરેખ સાથે, મોટા ભાગના લોકો કે જેમણે લિવર ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું છે તેઓ કામ, મુસાફરી અને કસરત સહિત તેમની સામાન્ય પ્રવૃત્તિઓમાં પાછા ફરવા સક્ષમ છે.

નિષ્કર્ષમાં, લીવર ટ્રાન્સપ્લાન્ટ વિશે ઘણી માન્યતાઓ અને ગેરમાન્યતાઓ છે જે લોકોને આ જીવન-રક્ષક સારવાર મેળવવાથી રોકી શકે છે. લીવર ટ્રાન્સપ્લાન્ટ વિશેના તથ્યોને સમજીને, લોકો તેમના સ્વાસ્થ્ય વિશે માહિતગાર નિર્ણયો લઈ શકે છે અને તેમના યકૃત રોગને સંચાલિત કરવા માટે જરૂરી કાળજી મેળવી શકે છે. જો તમને અથવા કોઈ પ્રિય વ્યક્તિને લિવર ટ્રાન્સપ્લાન્ટની જરૂર હોય, તો આ જીવન બદલાતી પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે તમારા ડોક્ટર સાથે વાત કરો.

**સૌજન્ય**



**ડૉ. વિકાસ ડી. પટેલ**
એચપીબી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન
MBBS, MS (General Surgery)
Fellowship in Abdominal Organ Transplant Surgery (IKDRC-ITS)
**(મો) ૯૧-૯૯૨૫૧ ૪૧૫૯૨**



JCI (USA) NABH NABL ACC

CIMS NEWS CARE & CURE
Volume-14 | Issue-154 | May 25, 2023

Marengo CIMS Hospital

# મેરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ



## ભારતની સૌથી મોટી અને નિષ્ણાત હાર્ટ કેર ટીમમાંની એક

**પ્રથમ હરોળ ડાબે થી જમણે :** ડૉ. વિપુલ આહિર | ધન્યતા ધોળકિયા | ડૉ. ચિંતન શેઠ | ડૉ. નિરેન ભાવસાર | ડૉ. નિકુંજ વ્યાસ | ડૉ. શૌનક શાહ | ડૉ. ધીરેન શાહ
ડૉ. ધવલ નાયક | ડૉ. અમિત ચંદન | ડૉ. પ્રણવ મોદી | ડૉ. કિશોર ગુપ્તા | ડૉ. હિરેન ધોળકિયા | ઉલ્હાસ પઢિયાર | આકાશ રાજાવત | ડૉ. ગુણવંત પટેલ

**બીજી હરોળ ડાબે થી જમણે :** ડૉ. તેજશ વી. પટેલ | ડૉ. સત્યા ગુપ્તા | ડૉ. ઉર્મિલ શાહ | ડૉ. અનિશ ચંદારાણા | ડૉ. કેયૂર પરીખ | ડૉ. મિલન ચગ
ડૉ. અજય નાઈક | ડૉ. હેમાંગ બક્ષી | ડૉ. હિરેન કેવડીયા | ડૉ. વિપુલ કપૂર | ડૉ. કશ્યપ શેઠ

**કાર્ડિયાક MRI | 4-D ECHO | સીટી કોરોનરી એન્જીયોગ્રાફી | OCT | IVUS | FFR**

**EP, પેસમેકર્સ, CRT/D, ICD, 3-D કાર્ટો માટે શ્રેષ્ઠ હોસ્પિટલ**

### ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી:

- કોરોનરી એન્જીયોગ્રાફી
- કોરોનરી એન્જીયોપ્લાસ્ટી
- પેરીફેરલ અને કેરોટીડ એન્જીયોપ્લાસ્ટી
- હાર્ટ ફેલ્યોર માટે ડિવાઇસ થેરાપી
- બલૂન વાલ્વ્યુલોપ્લાસ્ટી
- TAVI/TAVR જેવા સરંચનાત્મક હૃદયના રોગો માટે પકર્યુટેનિયસ ઇન્ટરવેન્શન
- ઈલેક્ટ્રોફિઝિયોલોજી સ્ટડીઝ
- લેફ્ટ વેન્ટ્રિક્યુલર આસિસ્ટ ડિવાઈસ (LVAD) ઈમ્પ્લાન્ટેશન

### રોગ-વિશિષ્ટ ક્લિનિક્સ:

- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ક્લિનિક
- CIMS STEMI પહેલ
- સ્ટ્રક્ચરલ અને વાલ્વ્યુલર ક્લિનિક અને સ્ટ્રોક સેન્ટર
- CIMS હાર્ટ ફેલ્યોર ક્લિનિક
- એરિથમિયા ક્લિનિક
- કાર્ડિયો-ઓન્કોલોજી ક્લિનિક

**1827**
**કોરોનરી એન્જીયોપ્લાસ્ટી અને સ્ટેન્ટીંગ**
(જાન્યુઆરી થી ડિસેમ્બર ૨૦૨૨)
**હોસ્પિટલ દ્વારા ૯૮% સફળ પરિણામો**
**ગુજરાતની ખાનગી હોસ્પિટલોમાં સૌથી વધુ**

**ટૂંક સમયમાં(૪)ચોથી કેથલેબ**

**અમેરિકન કોલેજ ઓફ કાર્ડિયોલોજી (ACC) સેન્ટર ઓફ એક્સેલન્સ**
**ભારતમાં પ્રથમ પૈકી એક**

**1000**
**થી પણ વધારે ઓપન હાર્ટ સર્જરી**
(જાન્યુઆરી થી ડિસેમ્બર ૨૦૨૨)

Volume-14 | Issue-154 | May 25, 2023

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Registered under Postal Registration No. GAMC-1813/2023-2025 valid upto 31st December, 2025
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month
Licence to Post Without Prepayment No. PMG/NG/107/2023-2025 valid upto 31st December, 2025

If undelivered Please Return to

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
**Call : 1800 309 9999**

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

## MARENGO CIMS HOSPITAL, AHMEDABAD
### LEADER ACROSS INDIA IN TRANSPLANTS


**2nd** LUNG TRANSPLANT




**40th** LIVER TRANSPLANT




**40th** HEART TRANSPLANT



**61st** KIDNEY TRANSPLANT



**200** BONE MARROW TRANSPLANT



For emergency or appointment,
**1800 309 9999**

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060. Ph. : +91-79-2771 2771-72
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | marengocims.info@marengoasia.com | www.cims.org

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**